# આપણે બાળકોને 'ભણાવી' શકીએ પણ 'ગણાવી' શકતા નથી

14 વર્ષનો દીકરો આખી વસાહતમાં જેને જરૂર હોય એને ઉધાર પૈસા આપે. એની પાસે આટલા પૈસા આવ્યા ક્યાંથી એ પ્રશ્ન મને થઈ રહ્યો હતો. ચંપાબહેને મારી મનની મૂંઝવણ ઉકેલતા ખુલાસો કરતા કહ્યું, 'જુઓ બહેન, મહેશ અમારામાંથી કોઈને પણ જરૂર હોય ત્યારે વગર વ્યાજે ઉધાર પૈસા આપે, પણ જ્યારે અમે કમાઈને એને એ પૈસા પાછા આપવા જઈએ, ત્યારે અમે સ્વેચ્છાએ, રાજીખુશીથી એમાં થોડાક રૂપિયા ઉમેરીને આપીએ. જેમ કે, મારી વહુને મહેશે સવારે ૧૦૦૦ રૂપિયા આપ્યા, તો સાંજે મેં મજૂરીથી પાછા આવીને મહેશના હાથમાં ૧૦૫૦ રૂપિયા મૂકી દીધા.'

તેમણે આગળ કહ્યું: 'મહેશ ક્યારેય અમારી પાસે વધારાના પૈસા કે વ્યાજ નથી માંગતો. એ તો એક રૂપિયોય વધારાનો લેવાની ના પાડે, પણ એ અમારા માટે 'સંકટ સમયની સાંકળ' જેવો. જ્યારે બેંકો ને મોટા માણસો અમારા જેવા ગરીબો માટે દરવાજા બંધ કરી દે, ત્યારે આ ૧૪ વર્ષનો છોકરો અમારો સહારો બને, એટલે અમે સામે ચાલીને એને વધારાના પૈસા આપીએ છીએ જેથી એનો ડબ્બો ક્યારેય ખાલી ન થાય.'

ત્યાં જ વસાહતના એક ભાઈએ મહેશની પરોપકાર વૃત્તિનો બીજો એક કિસ્સો સંભળાવ્યો. એમણે કહ્યું, 'અમારી વસાહતની બહાર હાઈવે પર એક નાની દુકાન છે. ઘણીવાર હાઈવે પરથી પસાર થતા અજાણ્યા લોકો કે વટેમાર્ગુઓ ત્યાં ઓનલાઈન પૈસા ચૂકવવા 'ગુગલ પે' (Google Pay) કરવા આવે, પણ ગામડામાં ક્યારેક નેટવર્ક ન હોય કે દુકાનદાર પાસે સુવિધા ન હોય, એટલે દુકાનવાળો ના પાડી દે કે ભાઈ, ઓનલાઈન પેમેન્ટ નહીં થાય. આવા સમયે અજાણ્યા મુસાફરો હેરાન થાય. મહેશ આ જુએ એટલે તરત જ એના પપ્પાનો ફોન લઈને ત્યાં પહોંચી જાય. એ પોતાના પપ્પાના ફોનથી એ અજાણ્યા લોકોને ગુગલ પે કરી આપે, જેથી એમનું કામ ન અટકે.'

એ ભાઈએ ગર્વથી ઉમેર્યું, 'મહેશ આ સેવાનો એક પણ રૂપિયો વસૂલતો નથી, પણ એને કોઈ હેરાન થાય એ ગમતું નથી. જો કે, નાની ઉંમરે આવી નિ:સ્વાર્થ સેવાવૃત્તિ જોઈને, ગુગલ પે કરાવનાર અજાણ્યો માણસ પણ રાજી થઈને એને દસ-વીસ રૂપિયા વધારાના આપીને દે. મહેશ એ પૈસા પણ પોતાના પતરાના ડબ્બામાં નાખી દે.'

મેં મહેશને 'તું આ બચત કરવાનું, લોકોને મદદ કરવાનું ક્યાંથી શીખ્યો?'

મહેશે સહજતાથી હસીને કહ્યું, 'મારી મમ્મી ને આ ચંપાકાકી વસાહતમાં બચતમંડળ ચલાવે ને, એમની મીટિંગો નિયમિત થાય. હું નાનો હતો ત્યારથી એમને જોઉં. એ લોકો દરરોજ સાંજે બેસીને એક-એક રૂપિયાની બચતનો હિસાબ કરે, એકબીજાના સુખ-દુ:ખની વાતો કરે ને મુશ્કેલીમાં એકબીજાની વહારે ધાય. એમની આ બધી પ્રવૃતિ જોઈને હું શીખ્યો.' ચોપડીના પાનાઓમાં સંસ્કાર ક્યાં જડે? એ તો મા-બાપના આચરણ જોઈને ઘડાય, કથની ગમે તેટલી રૂડી ને રૂપાળી હોય, પણ બાળકના જીવનમાં તો બસ 'કરણી' જ વણાય.



**જ્યારે બેંકો ને મોટા માણસો અમારા જેવા ગરીબો માટે દરવાજા બંધ કરી દે, ત્યારે આ ૧૪ વર્ષનો છોકરો અમારો સહારો બને. એટલે અમે સામે ચાલીને એને વધારાના પૈસા આપીએ છીએ જેથી એનો ડબ્બો ક્યારેય ખાલી ન થાય**



આપણે બાળકોને 'ભણાવી' શકીએ પણ 'ગણાવી' એટલે કે સંસ્કારી બનાવી શકતા નથી. નિશાળ આપણને અક્ષરજ્ઞાન આપશે, ડિગ્રીઓ આપશે, પણ જીવન જીવવાની રીત તો ઘરના આંગણેથી બાળક શીખે. દા.ત. બાપા દિકરાને કહે, બેટા જુઠું ન બોલાય. આ શિખામણપી શબ્દો જ્યારે બાપાની પાસે પૈસા માંગતો કોઈ ઉઘરાણીવાળો ઘરે આવે ને બાપા દીકરાને કહે કે 'જા એને કહી દે કે પપ્પા ઘરે નથી.' દીકરો શિખામણના શબ્દો નહીં પણ એ મા-બાપનું આચરણ જોશે. એને એવું થશે કે, જ્યારે જરૂર પડે ત્યારે જુઠું બોલી શકાય! મહેશના કિસ્સામાં કાંતાબહેને ક્યારેય એને ડબ્બામાં પૈસા ભેગા કરવાનું ભાષણ નહોતું આપ્યું, પણ નિયમિત બચત મંડળમાં બેસીને કાંતાબહેન, ચંપાબહેન જે કરતા એ જોઈને એ શીખી ગયો.

જણજે કાં તું ભક્ત જણ, કાં દાતા કાં શૂર;
નહિતર રે'જે વાંજણી, મત ગુમાવીશ નૂર.

માતા પોતાના સંતાનને કાં તો 'ભક્ત' એટલે કે પરમાર્થી, કાં 'દાતા' અથવા 'શૂરવીર' બનાવે. એ વાત કાંતાબહેનના કિસ્સામાં જાણે એમણે સાર્થક કરી હોય એવું લાગે. એટલે જ ૧૪ વર્ષનો મહેશ વગર વ્યાજે પૈસા આપીને વસાહત માટે 'સંકટ સમયની સાંકળ' બન્યો.

મહેશ માત્ર માણસોની મુશ્કેલીઓથી જ પરિચિત નહોતો, એની સંવેદનશીલતા સૃષ્ટિના નાનામાં નાના જીવ સુધી વિસ્તરેલી હતી. એમ આ વસાહતના પરિવારોના પાકા ઘર બાંધવામાં

## આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

નિમિત્ત બનવાનું કરેલું. મહેશે આ બધું જોયલું. એણે વસાહતના બાળકોને ભેગા કરીને કહ્યું, 'જો સંસ્થા આપણને ઘર કરી આપતી હોય, તો આપણે પણ અન્ય અબોલ જીવોને ઘર કરી આપીયે.'

ઉનાળાની કાળઝાળ ગરમીની શરૂઆત થઈ. મહેશે આખી વસાહતના બાળકોને પોતાની પાસે ભેગા કર્યા. એણે દરેક બાળકના હ્રદયમાં જીવદયાનો દીવો પ્રગટાવ્યો. મહેશે પોતાની બચતમાંથી પૈસા કાઢ્યા અને બીજા બાળકોને પણ પોતાનાથી થાય તે યથાશક્તિ ફાળો આપવા કહ્યું. જોતજોતામાં, વસાહતના નાનકડા બાળકોએ પોતાની પોકેટ મનીમાંથી લગભગ ૧૨૦૦ રૂપિયા જેટલી રકમ ભેગી કરી લીધી!

૧૪ વર્ષનો આ 'બેંકર' મહેશ વસાહતના એક ઉંમરલાયક કાકાને સાથે લઈને સીધો કુંભારના ઘરે પહોંચ્યો. ત્યાંથી એ માટીના સુંદર માળાઓને પક્ષીઓને પાણી પીવા માટેના માટીના કુંડા ખરીદી લાવ્યોને વસાહતના દરેક ઘરની આગળ ચકલીઓ માટે માટીના માળાઓ ગોઠવી દીધાને પક્ષીઓ તરસ્યા ન રહે તે માટે પાણીના કુંડા ઘરને ઝાડ આગળ લટકાવી દીધા. કેવા સુંદર સંસ્કારનું વાવેતર થયું.

મહેશ નાનકડો છે, પણ એનું શરીર ઉંમરના પ્રમાણમાં ઘણું ભારે થઈ ગયું છે. એ નાની ઉંમરે 'હાઈપર ડાયાબિટીસ' (Hyper Diabetes) જેવી ગંભીર બીમારીથી પીડાઈ રહ્યો છે. શારીરિક તકલીફો એની પાછળ પડેલી છે, પણ એના ચહેરા પર પીડાનું નામોનિશાન નથી. એ જે કાર્યો કરે છે એનાથી એ આનંદીત છે. પણ ઈશ્વર એની આ પીડા હરે એવી પ્રાર્થના..

ડુંગરાસણ ગામનીએ બજાણિયા વસાહતમાંથી જ્યારે હું પાછી ફરી રહી હતી, ત્યારે મારી આંખોમાં મહેશનો એ શરમાળ ચહેરો અને એનો પતરાનો ડબ્બો તરવરી રહ્યો હતો.